# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 5-11-2024 Evening : 7.50 to 8.00
Day : Tuesday National News

આકાશવાણી સમાચાર **મિતલ પટેલ** વાંચે છે.

**************************************************

1) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કહ્યું છે કે સમાજનેવધુ સશક્ત બનાવવાની રાષ્ટ્રની ગતિને પારદર્શક ન્યાય પ્રણાલી વધુ વેગવંતી બનાવે છે
2) સંસદનું શિયાળુ સત્ર 25 નવેમ્બરથી શરૂ થઇ 20મી ડિસેમ્બર સુધી ચાલશે તેવી સંસદીય કાર્યમંત્રીનીજાહેરાત
3) મહારાષ્ટ્રના નવા ડીજીપી તરીકે આઈપીએસ સંજય વર્માની નિયુક્તિ ..
4) અમેરિકાના રાષ્ટ્રપતિ પદની ચૂંટણીનો આરંભ...કમલા હેરિસ અને ટ્રમ્પ વચ્ચે રસાકસી ભર્યો ચૂંટણી જંગ
5) દેશભરમાં છઠ પર્વની શરૂઆત ન્હાય-ખાય સાથે થઈ...પ્રધાનમંત્રીએ લોકોને પાઠવી શુભેચ્છાઓ

**************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## PREZ-SC BOOK

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કહ્યું છે કે સમાજને વધુ સશક્ત બનાવવાનીરાષ્ટ્રની ગતિને પારદર્શક ન્યાય પ્રણાલી વધુ વેગવંતી બનાવી શકે છે. . રાષ્ટ્રપતિએ આજે સાંજે રાષ્ટ્રપતિ ભવન ખાતે સુપ્રીમકોર્ટના ત્રણ પ્રકાશનોના વિમોચન પ્રસંગે પોતાના સંબોધનમાં આ પ્રમાણે જણાવ્યુંહતું.. રાષ્ટ્રપતિએ કહ્યું હતું કે,

સમાનતા અને સમાન ન્યાયનો આદર્શ ન્યાયતંત્ર માટે માર્ગદર્શક સિદ્ધાંત હોવો જોઈએ. રાષ્ટ્રપતિ મુર્મુએ ખુશી વ્યક્ત કરી કે સર્વોચ્ચઅદાલત તેની સ્થાપનાના 75માં વર્ષ માટે પરીણામલક્ષી પ્રવૃત્તિઓનું આયોજન કરી રહીછે. રાષ્ટ્રપતિએ જણાવ્યું હતું કે, લોક અદાલતનું આયોજન અને જિલ્લા સ્તરના ન્યાયિક અધિકારીઓની કોન્ફરન્સનું આયોજન એ ન્યાય પ્રણાલીની પાયાની જરૂરિયાતોના બે ઉદાહરણો છે. આજે જે ત્રણ પ્રકાશનોનું વિમોચન કરવામાં આવ્યું તેમાં સુપ્રીમ કોર્ટના 75 વર્ષ પર પ્રતિબિંબ, ભારતમાં જેલ અને જેલ માર્ગદર્શિકાઓ અને મેપિંગ ફોર રિફોર્મેશન તેમજ કાયદાની શાળાઓ દ્વારાકાનૂની સહાયતાનો સમાવેશ થાય છે.

વિમોચન પ્રસંગે બોલતા દેશના મુખ્ય ન્યાયાધીશ ડી વાય ચંદ્રચુડે કહ્યું, કે, આજે બહાર પાડવામાં આવેલા તમામ પ્રકાશનોમાં પારદર્શકતાનું તત્વ છે. મુખ્ય ન્યાયાધીશે જણાવ્યું હતું કે, ત્રણ પ્રકાશનોમાંથી, એક નિબંધોનો સંગ્રહ છે જે કોર્ટની સ્થાપના પછીના ન્યાયશાસ્ત્રનું વિશ્લેષણ કરે છે, જ્યારે બાકીના બે અભ્યાસો છે જે યુનિવર્સિટીઓમાં કાનૂની સહાય કોર્ષોની કામગીરી અને જેલોની સ્થિતિનું મૂલ્યાંકન કરે છે.

## PARLIAMENT WINTER SESSION

સંસદનું શિયાળુ સત્ર 25 નવેમ્બરથી 20 ડિસેમ્બર સુધી ચાલશે. સંસદીય બાબતોના પ્રધાન કિરેન રિજિજુએ એક સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું કે 26મી નવેમ્બરે સંવિધાન સદનના સેન્ટ્રલ હોલમાં બંધારણને અનુસરવાની 75મી વર્ષગાંઠની ઉજવણી કરવામાં આવશે.

## JHARKHAND-PROPAGATION

ઝારખંડમાં વિધાનસભા ચૂંટણી માટે પ્રચાર પૂરજોશમાં ચાલી રહ્યો છે. NDA અને I.N.D.I.A બંનેના નેતાઓ તેમના પક્ષના ઉમેદવારોની તરફેણમાં મતદારોને રીઝવવાનો પ્રયાસ કરી રહ્યા છે. લોહરદગા ખાતે ચૂંટણીસભાને સંબોધતા

ભાજપના વરિષ્ઠ નેતા અને સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે જણાવ્યું હતુંકે ઝારખંડ રાજ્યનું નિર્માણ ભાજપના શાસન દરમિયાન થયું હતું અને તેનો હેતુ ઝારખંડને વિકસિત રાજ્ય બનાવવાનો હતો. બીજી તરફ હજારીબાગના માંડુ ખાતે ચૂંટણી સભાનેસંબોધતા કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ ભાજપ પર જાતિ અને ધર્મના નામે સમાજને વિભાજીત કરવાનો આરોપ લગાવ્યો હતો, મુખ્યમંત્રી હેમંત સોરેને પણ રાજ્યભરમાં શ્રેણીબદ્ધ સભાને સંબોધી હતી. RJD,AJSU અને ડાબેરી નેતાઓએ પણ સભાઓસંબોધીને જોરશોરથી ચૂંટણી પ્રચાર કરી રહ્યાં છે.

## JHARKHAND-SEIZURE

ઝારખંડમાં વિધાનસભા ચૂંટણીની જાહેરાત બાદ રાજ્યના વિવિધભાગોમાંથી એક અબજ 47 કરોડથી વધુ રકમ જપ્ત કરવામાં આવી છે. મુખ્ય ચૂંટણી અધિકારી કે રવિ કુમારે જણાવ્યું હતું કે આદર્શ આચાર સંહિતાનું ઉલ્લંઘન કરવા બદલ 31 FIR દાખલકરવામાં આવી છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે સંયુક્તકામગીરીને કારણએ આ તમામ રકમ જપ્ત થઇ છે.. ઉત્તર પ્રદેશ, બિહાર, મધ્યપ્રદેશ, છત્તીસગઢઅને ઓડિશાના સરહદી વિસ્તારોમાં મુક્ત ચૂંટણીઓ સુનિશ્ચિત કરવા માટે કામગીરી ચાલી રહી છે.

## MAHARASTR NEW DGP

કેન્દ્રીય ચૂંટણી પંચે મંગળવારે વરિષ્ઠ આઈપીએસ અધિકારી સંજય વર્માને, મહારાષ્ટ્રના પોલીસ મહાનિર્દેશક તરીકે નિયુક્ત કર્યા છે. આઈપીએસ સંજય વર્મા 1990 બેચના અધિકારી છે અને હાલમાં કાયદા અને ટેકનિકલના મહાનિર્દેશક તરીકે સેવા આપી રહ્યા છે. તેઓ એપ્રિલ, 2028 માં નિવૃત્ત થવાના છે અને મહારાષ્ટ્ર ડીજીપીના પદ માટે વરિષ્ઠ આઈપીએસ અધિકારીઓની યાદીમાં ટોચ પર હતા.

મહારાષ્ટ્રના પૂર્વ ડીજીપી રશ્મિ શુક્લાની ચૂંટણી પંચે પક્ષપાતી કામના આરોપો બાદ સોમવારે બદલી કરી હતી. આ સાથે ચૂંટણી પંચે મહારાષ્ટ્રના મુખ્ય

સચિવ પાસેથી ત્રણ વરિષ્ઠ આઈપીએસ અધિકારીઓના નામ માંગ્યા હતા. રાજ્ય સરકારના મુખ્ય સચિવે સંજય વર્મા, સંજીવ કુમાર સિંઘલ અને રિતેશ કુમારના નામ ચૂંટણી પંચને મોકલ્યા હતા. તેમાંથી સૌથી વરિષ્ઠ સંજય વર્માને મહારાષ્ટ્રના ડીજીપી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે

# MID BREAK- NEWS-REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી** Youtube **ચેનલ** A.I.R. **ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ** A.I.R. **ન્યૂઝ અન્ડર સ્કોર** ABAD **ને ફોલો કરી શકો છો.**

## EVE. US PREZ VOTING

અમેરિકાના તેના આગામી પ્રમુખની પસંદગી માટે ચૂંટણીના દિવસનું મતદાન શરૂ થઈ ગયું છે, જેમાંરિપબ્લિકન પ્રમુખપદના ઉમેદવાર ડોનાલ્ડ ટ્રમ્પ અને ડેમોક્રેટિક ઉમેદવાર કમલા હેરિસ આગામી રાષ્ટ્રપતિ બનવાની સ્પર્ધામાં છે. વર્મોન્ટમાં મતદાન શરૂ થઈ હતું. ત્યાર બાદ ધીમેધીમે સમયાનુસાર અન્ય રાજ્યોમાં પણ મતમદાન શરુ થઇ ગયું હતું...

ચૂંટણીપ્રચારના અંત અગાઉ, શ્રી ટ્રમ્પે મિશિગનમાં ભાષણ સાથે તેમના પ્રચારનો અંતકર્યો હતો, જ્યારે શ્રીમતી હેરિસ અન્ય સ્વિંગ રાજ્ય, પેન્સિલવેનિયામાંપણ પોતાના સંબોધ સાથે પ્રચારનું સમાપન કર્યું હતું ચૂંટણી ઝુંબેશ દરમિયાન, શ્રીટ્રમ્પે સરહદ સીલ કરવાનું વચન આપ્યું હતુ અને ટ્રિલિયનના ટેક્સ કાપની દરખાસ્ત કરી છે, જ્યારે શ્રીમતી હેરિસે ગર્ભપાતના અધિકારોની હિમાયત કરી છે અને કામ કરતા પરિવારો માટે ખોરાક અને આવાસ ખર્ચ ઘટાડવાનું વચન આપ્યું છે.

અમેરિકામાં 538 ઇલેક્ટોરલ કૉલેજના મતો સાથે, જે ઉમેદવાર 270 મેળવશે તે જીતશે. ફ્લોરિડાની યુનિવર્સિટીની ચૂંટણી લેબ અનુસાર, 82 મિલિયનથી વધુ લોકો મતદાન કરી ચૂક્યા છે. દેશમાં અંદાજે 244 મિલિયન નોંધાયેલા મતદારો છે. 2020ની ચૂંટણીમાં લગભગ 66 ટકામતદાન થયું હતું.

## CHHATPUJA

દેશભરમાં છઠ પર્વની શરૂઆત નાહાય-ખાય સાથે થઈ છે.

સૂર્ય ઉપાસનાના સૌથી મોટા તહેવાર  છઠ પૂજાની આ ચાર દિવસીય ધાર્મિક વિધિમાં, ભક્તો નદીઓ અને અન્ય જળ સ્ત્રોતોમાં સ્નાન કરશે અને સૂર્ય ભગવાનને જળ અર્પણ કરશે. આવતીકાલે લોહંડા ખરના પર ભક્તો આખો દિવસ ઉપવાસ કરશે અને સાંજે સૂર્ય ભગવાનને પ્રણામ કરશે અને પ્રસાદ ગ્રહણ કરશે. ચાર દિવસીય ધાર્મિક વિધિ ગુરુવારે સાંજે અસ્ત થતા સૂર્યને અને શુક્રવારે ઉગતા સૂર્યને અર્પણ સાથે સમાપ્ત થશે.

## PM CHHATPUJA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે છઠના તહેવારમાં નહાઈ-ખાઈના અવસર પર લોકોને શુભેચ્છાઓ પાઠવી છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ તમામ ઉપવાસીઓને વિશેષ શુભેચ્છાઓ આપી. તેમણે આશા વ્યક્ત કરી કે છઠ્ઠી મૈયાના આશીર્વાદથી તેમની વિધિ સફળતાપૂર્વક પૂર્ણ થાય.

## DR.JITENDRSINGH

વિજ્ઞાન અને ટેક્નોલોજી મંત્રી ડો. જિતેન્દ્ર સિંહે કહ્યું છે કે ભારત આવતા મહિને શ્રી હરિકોટા સ્પેસ સ્ટેશનથી પ્રોબા-3 નામનું યુરોપિયન સ્પેસ એજન્સી મિશન લોન્ચ કરશે. આ મિશન સૂર્યમંડળનો અભ્યાસ કરશે.

આજે નવીદિલ્હીમાં ઈન્ડિયન સ્પેસ કોન્ક્લેવ 3.0ને સંબોધતા કેન્દ્રીયમંત્રીએ કહ્યું કે  કે દેશમાં લગભગ દરેક ક્ષેત્ર સ્પેસ ટેક્નોલોજીનો ઉપયોગ કરી

રહ્યું છે. તેમણે ઉમેર્યું હતું કે સ્પેસ ટેક્નોલોજી નેવિગેશન, સેટેલાઇટ ઇમેજિંગ, ટેરેનમેપિંગ વગેરેનું પ્રદાન કરીને સ્માર્ટ સિટીના નિર્માણને પણ પ્રોત્સાહન આપે છે. મંત્રીએ આગામી વર્ષોમાં વૈશ્વિક અવકાશ અર્થતંત્રમાં તેમનું યોગદાન 2 ટકાથી વધારીને 10 ટકા કરવાના ભારતના વિઝનને પણ રજૂ કર્યું હતું.

## BANDIPOR ENCOUNTER

જમ્મુકાશમીરમાં બાંદીપોરાના કેટસન જંગલ વિસ્તારમાં સુરક્ષાદળો અને આતંકવાદીઓ વચ્ચે ચાલી રહેલી અથડામણમાં સુરક્ષાદળોએ એક આતંકવાદીને ઠાર કર્યો છે. અન્ય એક આતંકવાદી સુરક્ષા દળોના ઘેરામાં છે, જેને ધ્યાનમાં રાખીને સુરક્ષા દળોનું ઓપરેશન ચાલી રહ્યું છે.

સુરક્ષા દળોને બાંદીપોરાના કેટસન જંગલ વિસ્તારમાં આતંકવાદીઓની હાજરીની માહિતી મળી હતી. જે બાદ સુરક્ષા દળોએ સર્ચ ઓપરેશન શરૂ કર્યું હતું. ઓપરેશન દરમિયાન આતંકવાદીઓએ સુરક્ષાદળો પર ગોળીબાર શરૂ કરી દીધો હતો, ત્યારબાદ અથડામણ શરૂ થઈ હતી. સુરક્ષા દળોએ આ અથડામણ માં એક આતંકીને ઠાર કર્યો છે. આ વિસ્તારમાં અન્ય આતંકી હોવાની શક્યતાને જોતા સુરક્ષાદળોનું ઓપરેશન ચાલી રહ્યું છે.